ક્રમાંક:જીઆઇડીસી/જાઆ/ઇએનજી/ ૪૦
જીઆઇડીસી, ગાંધીનગર
તા. ૨૮/૦૮/૨૦૧૫.

## પરિપત્ર

વિષય:- નિગમના બાકી લ્હેણાંની વસુલાતની કાર્યવાહીને વેગ આપવાના હેતુસર પાણી પુરવઠા તથા ડ્રેનેજ ચાર્જીસના બાકી લ્હેણાં પર વિલંબિત ચુકવણાં પરના વ્યાજ તથા દંડકીય વ્યાજમા રાહત આપવા બાબત.

સંદર્ભ:- નિગમની તા.૨૧/૦૮/૨૦૧૫ ના રોજ મળેલ ૪૮૩મી સભાના ઠરાવ ક્રમાંક : ૧૧૨/ઈજનેર/૪૮૩/૨૦૧૫

નિગમની તા.૨૧/૮/૨૦૧૫ ના રોજ મળેલ ૪૮૩ મી સભા માં પાણી તેમજ ડ્રેનેજ ચાર્જીસના બાકી લ્હેણાંની વસુલાતની કાર્યવાહીને વેગ આપવાના હેતુસર વિવિધ ઉધોગ મંડળો ની રજુઆતોને ધ્યાને લઈ વિવિધ કારણોસર બાકી રહેલ લ્હેણી રકમની એક સામટી ચુકવણી કરવા માંગતા એકમોને રાહત આપવા નીચે પ્રમાણે "વન ટાઈમ સેટલમેન્ટ સ્કીમ"(OTS) અમલમાં મુકવાનું ઠરાવેલ છે.

૧. નિગમની સભાના ઠરાવ્યા મુજબ આ યોજના પરિપત્ર જારી થયા તારીખથી તા. ૨૯/૨/૨૦૧૬ સુધી અમલમાં રહેશે.

૨. આ યોજના અંતર્ગત પાણી પુરવઠા તેમજ ડ્રેનેજ ચાર્જિસની સંપુર્ણ બાકી લહેણી રકમની એક સામટી ચુકવણી કરવા માંગતા એકમોને તેમની બાકી લહેણી રકમમાં વિલંબીત ચુકવણા પર વ્યાજમાં ૫૦% ( પચાસ ટકા) તથા દંડકિય વ્યાજમાં સંપુર્ણ ૧૦૦% ( સો ટકા) માફી આપવાની રહેશે.

૩. આ પરીપત્ર થયા પહેલા જો કોઈ કિસ્સામાં વિલંબીત ચુકવણા ચાર્જ ( વ્યાજ) તેમજ દંડકિય વ્યાજ ભરપાઈ થઈ ગયેલ હોય તો તેમાં કોઈ પણ પ્રકારની રાહત મળવા પાત્ર રહેશે નહી.

૪. જે પાણી પુરવઠા/ ડ્રેનેજ સુવિધાઓનું સંચાલન અન્ય સંસ્થાઓને તબદીલ થયેલ છે, તેવી વસાહતોના ઉદ્યોગકારોએ પણ સેવા હસ્તાંતર પહેલા નિગમના બાકી લ્હેણાં અન્વયે નિગમની

સંબંધિત ક્ષેત્રિય કચેરીનો સંપર્ક કરી નિગમના નાકાઇ/કાઇશ્રીની કચેરીમાં જ બાકી લ્હેણી રકમ ડી.ડી. દ્વારા જમા કરવાની રહેશે. અન્યથા લાભ મળવાપાત્ર રહેશે નહીં

આ યોજનાનો અમલ ક્ષેત્રીય કાર્યપાલક ઇજનેરશ્રીઓએ કરવાનો રહેશે. તેમજ તેમના કાર્યક્ષેત્રમાં આવતી વસાહતોમાં દરેક એકમને જાણ કરવાની રહેશે. સદરહુ યોજનાના અમલ દરમ્યાન કોઇ વિસંગતતા જણાય તો તેના સ્પષ્ટ કારણ સહિત વડી કચેરીએ મુખ્ય ઇજનેરશ્રીનો સંપર્ક કરવાનો રહેશે.

સહી/-

( મનોજ અગ્રવાલ )

ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,

નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ ........

નકલ રવાના

૧. પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ....... તરફ જાણ તેમજ બહોળી પ્રસિધ્ધિ અર્થે

૨. નિગમના તમામ વસાહતનાં ઉદ્યોગ મંડળ.............તરફ જાણ તેમજ બહોળી પ્રસિધ્ધિ અર્થે

૩. નિગમના તમામ નિર્દિષ્ટ વિસ્તારના મુખ્ય અધિકારીશ્રીઓ..... તરફ જાણ તથા બહોળી પ્રસિધ્ધિ અર્થે

૪. નિગમના તમામ કચેરીના નોટિસ બોર્ડ પર....... તરફ જાણ તથા બહોળી પ્રસિધ્ધિ અર્થે

૫. મેનેજરશ્રી (કોમ્પ્યુટર), જીઆઈડીસી, ગાંધીનગર.. ....... તરફ જાણ તથા વેબસાઈટ પર મુકવા સારૂ.

રવાના કર્યુ

કાર્યપાલક નિયામક (ઈ એન્ડ એ)

જીઆઈડીસી, ગાંધીનગર